કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન–બી(કનકપુર),
સ્વામીનારાયણમંદિરની,બાજુમા,સચિન,સુરત
FAX : 63599-05030
PHONE : 63599-05031

નં. સા.ઝોન–બી /ટેક/૧૩૮૫
તા. ૨૬ /૦૫ /૨૦૨૬

**પ્રતિ,**

.....................
.....................

**વિષય:–** **સાઉથ ઝોન – બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિસ્તારમાં આવેલ(૧)ડ્રા.ટી.પી સ્કીમ નં–૫૯(ઉન) ખાતે ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજની નીચે (ઉન તરફ) બનાવવામાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ અને (૨) સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ૦૫(પાંચ) વર્ષ માટે સંચાલન અને નિભાવ** માટેનાં કામ બાબત.

**સંદર્ભ:–** (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૪૬/૨૦૦૨, તા.૨૯/૦૮/૨૦૦૨.
(૨) ડે.મ્યુ.કમિશ્નરશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૬ ની મજુંરી

**મહાશય,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કેસાઉથ ઝોન – બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિસ્તારમાં આવેલ(૧)ડ્રા.ટી.પી સ્કીમ નં–૫૯(ઉન) ખાતે ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજની નીચે (ઉન તરફ) બનાવવામાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ અને (૨) સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ૦૫(પાંચ) વર્ષ માટે સંચાલન અને નિભાવ માટેનાં કામે,સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૪૬/૨૦૦૨, તા.૨૯/૦૮/૨૦૦૨ થી મંજુર થયેલ નિતી નીયમો તથા શરતોને આધિન ઉકત વિષય મુજબની કામગીરી પાંચ વર્ષ માટેકરવા સમંત હોય તોરૂા.૧૦,૦૦૦/– ની બાનાની રકમના કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા નામનો ડિમાન્ડ ડ્રાફટ સહિત આપનો લેખિત સંમતિપત્ર, સમાન પ્રકારના કામના અનુભવના પ્રમાણપત્ર, તથા ઓફર લેટર સાથે જોડેલ સંબંધિત દસ્તાવેજો સહિત વાર્ષિક ધોરણે ભરવાપાત્ર રકમ ઓફર લેટર ભરી સિકકા સહિત **તા. ૦૮/૦૬/૨૦૨૬** સુધીમાં સાઉથ ઝોન–બી(કનકપુર) ખાતે મોકલી આપવા વિનંતી.

**sd/-**

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–બી(કનકપુર)**
**સુરત મહાનગરપાલિકા**

## <u>સુરત મહાનગરપાલિકા</u>

<u>સાઉથ ઝોન–બી(કનકપુર)</u>

**કામનું નામ : સાઉથ ઝોન – બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિસ્તારમાં આવેલ(૧)ડ્રા.ટી.પી સ્કીમ નં–૫૯(ઉન) ખાતે ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજની નીચે (ઉન તરફ) બનાવવામાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ અને (૨) સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ૦૫(પાંચ) વર્ષ માટે સંચાલન અને નિભાવ કરવાનું કામ.**

**–: <u>કોન્ટ્રાકટરને અગત્યની સૂચના</u> :–**

૧. ટેન્ડર ભરતા પહેલા ટેન્ડરર/ઈજારદારે સદરહું કામના સ્થળનું નિરિક્ષણ કરી લેવાનું રહેશે. ટેન્ડર મંજુર થયા બાદ ઈજારદારશ્રીની કોઈ દલીલ ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. ટેન્ડરમાં મુકવામાં આવેલ શરતોનો અભ્યાસ કરી, શરતોને આધિન કામગીરી કરવાની રહેશે.

૩.

**<u>હયાત પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની વિગત</u>**

| **ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજ** | | | | **સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજ** | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગ્રાઉન્ડ ફલોર | | | | | | | |
| પુરૂષ ટોયલેટ બ્લોક | જાજરૂ | :– | ૦૨ | પુરૂષ ટોયલેટ બ્લોક | જાજરૂ | :– | ૦૩ |
| | યુરીનલ | :– | ૦૩ | | યુરીનલ | :– | ૦૪ |
| | બાથરૂમ | :– | ૦૧ | | બાથરૂમ | :– | ૦૧ |
| મહિલા ટોયલેટ બ્લોક | જાજરૂ | :– | ૦૨ | મહિલા ટોયલેટ બ્લોક | જાજરૂ | :– | ૦૨ |
| | બાથરૂમ | :– | ૦૧ | | બાથરૂમ | :– | ૦૧ |
| કેરટેકર રૂમ | | :– | ૦૧ | કેરટેકર રૂમ | | :– | ૦૧ |
| હેન્ડીકેપ ટોયલેટ | | :– | ૦૧ | હેન્ડીકેપ ટોયલેટ | | :– | ૦૧ |

૪. **<u>ઈજારદાર ધ્વારા મુદ્દત પુરી થયા પહેલા સંચાલનની કામગીરી છોડી દેવામાં આવશે તો તેમના સિકયોરીટી ડિપોઝીટના નાણા જપ્ત કરવામાં આવશે તેમજ તેઓને કાળી યાદીમાં મુકવાની કાર્યવાહી કરવામાં આવશે.</u>**

૫. આ કામગીરી અત્રેની સૂચના મુજબ કરવાની રહેશે. ઈજારદારે ઓફર રકમના ૧૦.૦૦% પ્રમાણે ડીપોઝીટ તરીકે સુરત મહાનગરપાલિકામાં વર્કઓર્ડર મળ્યાની તારીખથી દિન–૧૦ (દસ) માં જમા કરાવવાના રહેશે. ડીપોઝીટની રકમ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી પરત કરવામાં આવશે.

૬. આ કામની ઓફર રકમના ૧૦ % પ્રમાણે ડીપોઝીટ ઈજારદારે વર્કઓર્ડર મળ્યાના દિન–૧૦ માં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.ઈજારદાર જો તેમ કરવાનું ચૂકશે તો ૦.૦૬૫% પ્રતિ દિન પર ઓફર રકમ પર પેનલ્ટી ચૂકવવાની રહેશે.

૭. આ કામનો વર્કઓર્ડર મળ્યાના દિન–૨૦ સદર કામની વાર્ષિક ઓફર રકમ સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનો કબ્જો અત્રેથી મેળવી લેવાનો રહેશે.

૮. સદર કામની વાર્ષિક ઓફર રકમ દરેક વર્ષની શરૂઆતના દિન–૨૦ માં જમા કરાવવાની રહેશે. સદર ઓફર રકમ ફકત ડી.ડી/ કેશમાં જ ભરવાની રહેશે. તેમજ ઓફર રકમ ભરપાઈ કરવામાં નીષ્ફળ નીવડશો તો સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી કબ્જો પાછો લઈ ટેન્ડર રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૯. ઈજારદારનો જે તે સમય માટેનો મંજુરી પ્રમાણેનો ઈજારો આપ્યેથી ઈજારાના પીરીયડ પૂર્ણ થયા બાદ અન્ય વધુ બીજા પીરીયડ માટે મંજુરી મળે ત્યાં સુધી મંજુર ભાવે અને શરતે જે તે મંજુર ઓફરની રકમ પ્રમાણે ઈજારદારે સંચાલન અને નિભાવની કામગીરી કરવાની રહેશે.

૧૦. ઈજારદારે ટોયલેટ બ્લોકની સાફ સફાઈ સ્વચ્છતા માટે જરૂરી ફિનાઈલ, એસિડ, બ્રશ, સ્ક્રેપર વિ. સાધનો રાખવાના રહેશે.

૧૧. જો કોઈ કારણોસર પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના મકાનની સુરત મહાનગરપાલિકાને જરૂરીયાત પડે તેવા સંજોગોમાં ઈજારદારને ૦૩(ત્રણ) માસ પહેલા આગોતરી નોટીસ આપી, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનો કબ્જો મેળવી લેવાનો સુરત મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે તેમજ સદરહું શરત ઈજારદારને બંધનકર્તા રહેશે.

**૧૨. જો ઈજારદાર સુરત મહાનગરપાલિકામાં ચાલતા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન અને નિભાવના કામનો ઈજારો ધરાવતા હોય તો તેમણે <u>પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી ન હોવા અંગેનું રૂા. ૫૦/– ની કિમંતના ગુજરાત રાજયના સ્ટેમ પેપર ઉપર બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.</u> આમ છતાં પછીથી પણ જો ઈજારદાર ધ્વારા વાર્ષિક ઓફરના નાણાં બાકી હોવાનું માલુમ પડશે તો તેમનો ઈજારો રદ કરવામાં આવશે તેમજ સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.**

**૧૩. જયારે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે મ્યુ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી રહેશે.**

| ઈજારદારનો<br><br>ફોટો |
|---|

ઈજારદારની સિકકો
તથા સહી

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન – બી (કનકપુર)
સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા

સાઉથ ઝોન – બી (કનકપુર)

**કામનું નામ :** **સાઉથ ઝોન – બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિસ્તારમાં આવેલ(૧)ડ્રા.ટી.પી સ્કીમ નં–૫૯(ઉન) ખાતે ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજની નીચે (ઉન તરફ) બનાવવામાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ અને (૨) સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ૦૫(પાંચ) વર્ષ માટે સંચાલન અને નિભાવ કરવાનું કામ.**

***આથી ઉપર નિર્દેશીત સ્થળ પરના મહાનગરપાલિકા ધ્વારા તૈયાર કરેલ હયાત ' પે એન્ડ યુઝ ' ટોયલેટ બ્લોકના સંચાલન તથા નિભાવની કરવા અંગેની પરિશિષ્ટમાં જણાવેલ અને સ્થાયી સમિતિ ઠરાવ નં. ૯૪૬/૨૦૦૨, તા. ૨૯/૮/૨૦૦૨ થી નકકી થયેલ નીતિ નિયમોનુસાર રસ ધરાવતાં ઈજારદારો પાસેથી અંતિમ તા. ૦૮ /૦૬ /૨૦૨૬ થી ઓફર મંગાવવામાં આવે છે.***

***ઉપર નિર્દેશીત "પે એન્ડ યુઝ " ટોયલેટ બ્લોકના સંચાલન તથા નિભાવની કરવા ઈજારો સોંપવા સક્ષમસત્તાની મંજુરી મળ્યાબાદ આગળની તમામ કાર્યવાહી જેવી કે વર્કઓર્ડર ,કરારનામા કરવા,વાર્ષિક ઓફર રકમ જમા કરાવવા વિગેરે સંચાલન તથા નિભાવ સહિતની કામગીરી કરવા ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવશે.***

### *–: પરિશિષ્ટ :–*

***સંદર્ભ :–*** *સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૪૬/૨૦૦૨, તા. ૨૯/૦૮/૨૦૦૨*

*નિભાવ અને મરામત બાબતની શરતોઃ–*

*૧* ***આ કોમ્પલેક્ષ સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ સમય દરમ્યાન ખુલ્લા રાખવાના રહેશે.***

*૨* ***આ કોમ્પલેક્ષનું મેઈનટેનન્સ ' પે એન્ડ યુઝ ' ના ધોરણે કરવાનું રહેશે.***

*૩* ***પે એન્ડ યુઝના ઉપભોકતા માટે મહાનગરપાલિકા એ જે ચાર્જ હાલમાં નકકી કરેલ છે. એટલે કે ફકત પુરૂષો માટે રૂા.૧.૦૦ નાહવા માટે અને ૦.૫૦ પૈસા સંડાસ માટે અને તે મુજબનો ચાર્જ જ ઉપભોકતા પાસેથી વસુલ કરી શકાશે.આ ચાર્જ અંગે મહાનગપાલિકાની સક્ષમ સત્તાધીશો જે કાઈપણ ફેરફાર કરે તે ઈજારદારને બંધનકર્તા રહેશે. આ ચાર્જ અંગેનું લખાણ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં જાહેર જનતા વાંચી શકે તેવા સ્થળે લખવાનું રહેશે.***

*૪* ***સ્ત્રીઓ અને બાર વર્ષ થી નાના બાળકો, અપંગ અને ભિખારીઓને આ સુવિધા મફત આપવાની રહેશે.***

*૫* ***સ્ત્રીઓ અને પુરૂષો બન્ને માટે યુરીનલ ની સુવિધા મફત આપવાની રહેશે.***

૬ સાબુ અને ટુવાલ ( હાથ લુછવા માટે) ઈજારદારે મફત પુરા પાડવાના રહેશે.

૭ ઈજારદારે દરેક ટોયલેટ બ્લોક ઉપર ઉપભોકતા રજીસ્ટર રાખવાનું રહેશે., જેમાં ઉપભોકતાઓની વિગતવાર માહીતી દરરોજ રાખવાની રહેશે.

૮ ઉપભોકતાની સુવિધા માટે અને ટોયલેટ બલોકની સાફ સફાઈ સ્વચ્છતા માટે ચોવીસ કલાક માણસો (કેરટેકર) રાખવાના રહેશે.

૯ ઉપભોકતાની ફરિયાદો માટે કેરટેકર પાસે ફરિયાદબુક રાખવાની રહેશે.

૧૦ કોમ્પલેક્ષના મેઈનટેનન્સ અને સીકયોરીટી માટે રોકવામાં આવેલ માણસો કેરટેકરને કોઈપણ પ્રકારનું વેતન કે માનદવેતન મહાનગરપાલિકા આપશે નહી.

૧૧ ફકત એક વ્યકિતને કેરટેકર તરીકે રાખવાનો રહેશે અને જરૂરિયાત મુજબના સફાઈ કામદારો ટોયલેટ બ્લોક પર હાજર રાખવાના રહેશે.

૧૨ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના ઓપરેશન અને મેઈનટેનન્સ માટે પુરતા પ્રમાણમાં પાણી નો જથ્થો મેળવવા અંગેની જવાબદારી ઈજારદારની રહેશે. શકય હશે ત્યારે સુરત મહાનગરપાલિકા નીતિ નિયમો અનુસાર પાણીનું જોડાણ આપશે.

૧૩ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના ઓપરેશન કામ માટે એક સબમર્સીબલ પંપ સેટ અને એક મોનોબ્લોક પંપ સેટ સ્ટેન્ડ બાય તરીકે રાખવાનો રહેશે.

૧૪ અનિવાર્ય સંજોગોમાં જરૂરી પાણી પુરવઠાની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૧૫ ~~જો કોઈ સંજોગોમાં બોરીંગમાં પાણી નીચે ઉતરી જવાનો પ્રશ્નો ઉભો થાય તો તેવા સંજોગોમાં જે તે સંસ્થાઓ તરફથી પાણીના બોરીંગની મરામત અથવા નવું બોરીંગ બનાવવાનું રહેશે.~~

૧૬ જરૂરિયાત મુજબનો વીજળી પુરવઠો મેળવવા માટે મહાનગરપાલિકા મદદકર્તા રહેશે. પરંતુ તેના નિભાવ ની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૧૭ વીજળી વપરાશના બીલ ના નાણાં ઈજારદારે સમયસર ભરવાના રહેશે. અને ભરપાઈ કરવામાં આવેલ મૂળ બીલ તથા તેની રસીદ મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

૧૮ વીજળી વપરાશના બીલ સમયસર ન ભરવાને કારણે અથવા અન્ય કોઈપણ કારણસર વીજળી પુરવઠો ટોરેન્ટ પાવર કંપની અથવા દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. તરફથી બંધ કરવામાં આવે તો ઉપરોકત બન્ને એજન્સીઓને ભરપાઈ કરવા પાત્ર રકમ / દંડ ભરી ને વીજળી પુરવઠો તાત્કાલિક ધોરણે પુનઃ સ્થાપિત કરવાનો રહેશે.

૧૯ આ ટોયલેટ બ્લોકના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે મહાનગરપાલિકા સાથે કરારનામુ કરવાનું રહેશે. અને થયેલ કરાર મુજબ અમલ કરવાનો રહેશે.

૨૦ ઈજારદાર વાર્ષિક ફી ની પ્રાઈઝ બીડમાં જણાવ્યા મુજબ ની રકમ મહાનગરપાલિકા ની તિજોરી માં જમા કરાવવાના રહેશે.(જેની પુરેપુરી રકમ વર્ષના પ્રથમ માસમાં જમા કરાવવાની રહેશે.)

૨૧ <u>તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ ઈજારદારે કરાવવાનું રહેશે. અને મેઈનટેનન્સ કામ પેટે મહાનરગપાલિકા કોઈપણ જાતનો ખર્ચ ભોગવશે નહી.</u>

૨૨ ઈજારદારે દરેક પે એન્ડ યુઝ ટાઈપ કોમ્યુનીટી ટોયલેટ બ્લોક અંગેનો વિગતવાર અહેવાલ ઝોન ના ડેપ્યુટી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થને દરરોજ આપવાનો રહેશે.

૨૩ દર વર્ષે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના મકાનને રંગરોગાન કરાવવાનું રહેશે.

૨૪ ભરાયેલ ખાળકૂવો ખાલી કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે. મહાનગરપાલિકા ખાળકુવા ટેન્કરની સગવડતા સુરત મહાનગરપાલિના નિયમોનુસાર આપશે.

૨૫ યોગ્ય કારણ વગર જો ટોયલેટ બ્લોક બંધ હાલતમાં માલમ પડશે તો જેટલા દિવસ બંધ રહે તેટલા દિવસ ના પ્રતિ દિવસના રૂા. ૨૫૦/– લેખે ઈજારદાર પાસેથી દંડ વસુલ લેવામાં આવશે.

૨૬ ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતાં પહેલાં રદ કરવાનો મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે.

૨૭ કોમ્પલેક્ષની આજુ બાજુ પુરતી જગ્યા મળે તો ઈજારદારે તેમના પોતાના ખર્ચે વૃક્ષો ઉગાડવાના રહેશે. અને તેના નિભાવ ની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૮ આ શરતો ઉપરાંત વખતોવખત ટોયલેટ બ્લોકના સંચાલન દરમ્યાન મહાનગરપાલિકા પોતાના નીતિ નિયમોમાં જો કોઈ ફેરફાર કરશે તો શરતો મુજબ સંસ્થાએ પાલન કરવાનું રહેશે.

૨૯ આ સંકુલના નિભાવના હકકો જાહેર નોટીસથી ઓફર માંગી ફાળવવાના રહેશે. જે કેસમાં એક સાઈટ માટે એક કરતાં વધુ ઓફરો આવે તો તે માટે વાર્ષિક ફી વધારો કરી સૌથી વધુ ઓફર આપનાર અરજદારને ફાળવવા મ્યુ. કમિશ્નરશ્રી નિર્ણય લઈ શકશે.

૩૦ ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરતનું પાલન જો સંસ્થા તરફથી કરવામાં ન આવે તો આ સંસ્થાને દિન–૩૦ (ત્રીસ) ની નોટીસ આપી કામગીરી માંથી મુકત કરવામાં આવશે અને આ તબકકે કરેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

૩૧ સદર કામના ઈજારાની મુદત પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક નો કબ્જો સોપ્યાની તારીખથી ૦૫(પાંચ) વર્ષની રહેશે.

ઈજારદારની સહી

કાર્યપાલક ઈજનેર
**સાઉથ ઝોન – બી (કનકપુર)**
સુરત મહાનગરપાલિકા

<u>ડિપોઝીટ ની વિગત :</u>

આ સાથે ડિપોઝીટ ના રૂા. ૧૦,૦૦૦/– નો ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરના સ્વરૂપમાં સામેલ કરેલ છે.

બેન્કનું નામ અને સરનામુ :

ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરનંબર અને તારીખ :    /    /૨૦૨૬

ઈજારદારની સહી.. :

**સુરત મહાનગરપાલિકા**

**સાઉથ ઝોન – બી (કનકપુર)**

**કામનું નામ :** **સાઉથ ઝોન – બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિસ્તારમાં આવેલ(૧)ડ્રા.ટી.પી સ્કીમ નં–૫૯(ઉન) ખાતે ભાણોદ્રા રેલ્વે ઓવરબ્રીજની નીચે (ઉન તરફ) બનાવવામાં આવેલ પે એન્ડ યુઝ ટોઇલેટ અને (૨) સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સચિન બજારમાં સચીન રેલ્વે ઓવરબ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ૦૫(પાંચ) વર્ષ માટે સંચાલન અને નિભાવ કરવાનું કામ.**

**ઈજારદારનું નામ :–**

**સરનામું :–**

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરોના | હાલના / તાજા પાસપોર્ટ | સાઈઝના ફોટા અહી ચોટાડવા |

| પાર્ટનરના સહીના નમૂના | સરનામું |
|---|---|
| | |
| | |
| | |

**નોંધ :– પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો (ઈલેકટ્રોનીક ફોર્મેટમાં સ્કેનીંગ કરી ઓનલાઈન અપલોડ કરવુ) ફરજીયાત છે.**

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન – બી (કનકપુર)
સુરત મહાનગરપાલિકા

# ANNEXURE-I

# AFFIDAVIT

**NAME OF WORK:- Operation and Maintenance Work of Pay &Use Toilet Block for 05(Five) Year Time Period at(1) T.P. Scheme No.59 (Unn), Under Bhanodra Bridge, in South Zone -B (Kanakpur),(2) Pay and Use Toilet Blockunder Sachin Railway Overbridge in sachin Bazaar in South Zone-B, Surat Municipal Corporation.**

1.0 I, the undersigned, do hereby certify that all the statements made in the required attachments are true and correct. I also understand that in case of wrongful/false information, corporation is entitled to take any civil & criminal punitive action against me/us.

2.0 The undersigned also hereby certifies that neither our firm M/s ________ __________________ nor any of its constituent partners have abandoned any work in India nor any contract awarded to us for such works has been rescinded during last five years, prior to the date of this bid.

3.0 The undersigned hereby authorize(s) and request(s) any bank, person, authorities, government or public limited institutions, firm or corporation to furnish pertinent information deemed necessary and requested by the SMC to verify our statements or our competence and general reputation.

4.0 The undersigned understands and agrees that further qualifying information may be requested, and agrees to furnish any such information at the request of the SMC.

5.0 The SMC and its authorised representatives are hereby authorised to conduct any inquiries or investigations to verify the statements, documents, and information submitted in connection with this application and to seek clarification from our bankers and clients regarding any financial and technical aspects. This Affidavit will also serve as authorisation to any individual or authorised representative of any institution referred to in the supporting information, to provide such information deemed necessary and requested by yourselves to verify statements and information provided in the Tender or with regard to the resources, experience and competence of the Applicant.

______________________________

Signed by the authorised signatory of the firm

______________________________

Title of the office

______________________________

Name of the firm

______________________________

Date

**It is mandatory to submit the above Affidavit in hard copy.**

***Note:- To be given on Non-judicial stamp paper of Rs 50/- duly signed by the authorized notary.**

**ANNEXURE-II**

**(TO BE SUBMITTED ON Rs. 50/- GUJARAT STATE STAMP PAPER)**

## બાંહેધરી પત્રક

**હું/અમો.......................................................... આથી સુરત મહાનગરપાલિકામાં ચાલતા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન અને નિભાવના કામનો ઈજારો ધરાવીએ છીએ/નથી તેમજ હું/અમો સુરત મહાનગરપાલિકામાં અન્ય ઝોનમાં કાર્યરત અમારા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી ન હોવા અંગેનું ડિકલેરેશન આપીએ છીએ. આમ છતાં પછીથી પણ જો અમારા ધ્વારા વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી હોવાનું માલુમ પડશે તો અમારો ઈજારો સુરત મહાનગરપાલિકા ધ્વારા રદ કરવામાં આવે તેમજ સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવે તો તે નિર્ણય અમને બંધનકર્તા રહેશે, જેની અમે લેખિત બાંહેધરી આપીએ છીએ.**

*ઈજારદારની સહી :–*

*નામ અને સરનામું :–*

*તારીખ :–     /     /૨૦૨૬*

**It is mandatory to submit the above Affidavit in hard copy.**

***Note:- To be given on Non-judicial stamp paper of Rs 50/- duly signed by the authorized notary.**

**DECLARATION FORM**

(1) I/We hereby declare that I/We have visited the site and fully acquainted myself/ourselves with the local situation regarding materials, labour and other factors pertaining to the work before submitting this tender.

(2) I/We hereby declare that I/We have carefully studied the conditions of contract, specifications and other tender documents of this work and agree to execute the same accordingly.

EXECUTIVE ENGINEER,
SOUTH ZONE-B (KANAKPUR)
SURAT MUNICIPAL CORPORATION

Contractor Signature with
Seal & Address:
Date:

# Surat Municipal Corporation

## SOUTH ZONE-B(KANAKPUR)

**OFFER LETTER**

| |
|---|
| **Name of work : Operation and Maintenance Work of Pay &Use Toilet Block for 05(Five) Year Time Period at(1) T.P. Scheme No.59 (Unn), Under Bhanodra Bridge, in South Zone -B (Kanakpur),(2) Pay and Use Toilet Blockunder Sachin Railway Overbridge in sachin Bazaar in South Zone-B, Surat Municipal Corporation.** |

| SR NO | DISCRIPTION | DATE |
|---|---|---|
| 1 | Start Date to Receive Consent/Offer | 27/05/2026 |
| 2 | Last Dtae of Submission of Consent/Offer | 08/06/2026 |
| 3 | Consent/Offer to be Submitted to | EXECUTIVE ENGINEER<br>SOUTH ZONE-B(KANAKPUR)<br>NR. BAPS SWAMINARAYAN TEMPLE, KANAKPUR, SURAT, GUJARAT-394230 |
| 4 | Mode of Submission | RPAD/SPEED POST |
| 5 | For More Detail and Download Documents From SMC website | www.suratmunicipal.gov.in |

**Notes:- For any query regarding Operation and Maintenance contact South Zone-B(Kanakpur) Nr. BAPS Swaminarayan Temple, Kanakpur, Surat, Gujarat-394230**

# PRICE BID

| Name of work :- | Operation and Maintenance Work of Pay &Use Toilet Block for 05(Five) Year Time Period at(1) T.P. Scheme No.59 (Unn), Under Bhanodra Bridge, in South Zone -B (Kanakpur),(2) Pay and Use Toilet Blockunder Sachin Railway Overbridge in sachin Bazaar in South Zone-B, Surat Municipal Corporation. |
|---|---|

| Sr. No. | Description | Total Year | Unit | Rate per Annual Rs. | Amount Rs. |
|---|---|---|---|---|---|
| 1 | **Operation and Maintenance Work of Pay &Use Toilet Block for 05(Five) Year Time Period at(1) T.P. Scheme No.59 (Unn), Under Bhanodra Bridge, in South Zone -B (Kanakpur),(2) Pay and Use Toilet Blockunder Sachin Railway Overbridge in sachin Bazaar in South Zone-B, Surat Municipal Corporation.** | 05 | Year | **submit in Hard Cpoy** | |

Amount in Words:- ____________________________________________

____________________________________________

**Executive Engineer**

**South Zone -B (Kanakpur)**

**Surat Municipal Corporation**

Signature and Seal of the Contractor:

Name and Adresss:

Date: